ExamOne®
A Quest Diagnostics Company

# વીમા અરજદાર માટેની સૂચનાઓ

**પૅરામેડિકલ પરીક્ષા શું છે?**

પૅરામેડિકલ પરીક્ષા એ તમારા તબીબી ઇતિહાસ વિશેની માહિતી એકત્રિત કરવા માટે લેવામાં આવતો તમારો અંગત ઇન્ટર્વ્યૂ છે. આ ઇન્ટર્વ્યૂ ફોન થકી થઈ શકે અથવા તો તમારી તપાસ વખતે પ્રત્યક્ષ થઈ શકે છે. આ માહિતી પરથી વીમા કંપની તમારા સ્વાસ્થ્યની વર્તમાન સ્થિતિનું સમગ્રપણે મૂલ્યાંકન કરી શકે છે. આ પરીક્ષણમાં સામાન્ય રીતે ઊંચાઈ, વજન, રક્તચાપ (બ્લડ પ્રેશર) અને નાડીના ધબકારા (પલ્સ) નોંધવાનો સમાવેશ થાય છે. વીમા કંપનીની માર્ગદર્શિકાઓ અનુસાર આ પરીક્ષણમાં લોહી, મૂત્ર, મોંમાંના પ્રવાહી (લાળ) અને ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ઇ.કે.જી.)નો પણ સમાવેશ થઈ શકે છે.

**તપાસમાં લાગતો અંદાજિત સમય**

- લોહી અને મૂત્રના નમૂના લેવા માટે 10થી 20 મિનિટ
- પૅરામેડિકલ તપાસ, લોહી અને મૂત્ર લેવા માટે 20થી 30 મિનિટ
- પૅરામેડિકલ તપાસ, લોહી, મૂત્ર અને ઇ.કે.જી. લેવા માટે 30થી 45 મિનિટ

**આ તપાસ/પરીક્ષા ક્યાં થાય છે?**

ઇગ્ઝામવન વ્યાવસાયિકો તમારા ઘરે, કાર્યસ્થળે અથવા કોઈ અનુકૂળ ઇગ્ઝામવન કે ક્વેસ્ટ ડાયગ્નોસ્ટિક સ્થળે આ તપાસ કરે છે.

**જો લોહી લેવાનું હોય તો શું?**

જો વીમા કંપની માટે લોહીનો નમૂનો જરૂરી હોય, તો તબીબી તાલીમપ્રાપ્ત ઇગ્ઝામવન વ્યાવસાયિક દ્વારા લોહી ખેંચવામાં આવશે. આ નમૂનો લેવા માટે માત્ર એક જ વખત વાપરવા યોગ્ય, જંતુરહિત, નિકાલજોગ સોય વાપરવામાં આવે છે અને તેમ કરતાં હંમેશાં વાઇનિલ હાથમોજાં પહેરેલાં હોય છે.

**ઇ.કે.જી. શું છે?**

જો વીમા કંપની માટે ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ઇ.કે.જી.) જરૂરી હોય, તો તપાસના સમયે તે કરવામાં આવશે. ઇ.કે.જી. હૃદયના વિદ્યુત આવેગો નોંધે છે. સામાન્ય રીતે 10થી ઓછી મિનિટોમાં આ તપાસ પૂરી થઈ જાય છે.

**આ તપાસ/પરીક્ષા પૂરી થાય પછી શું થાય છે?**

પૅરામેડિકલ તપાસ અને અન્ય વધારાની કોઈ પણ જરૂરિયાતો વીમા કંપનીને મોકલવામાં આવે છે. આ તપાસ દરમ્યાન લેવામાં આવેલા કોઈ પણ નમૂનાઓ અમારી પ્રયોગશાળા અથવા અન્ય નિયુક્ત પ્રયોગશાળાને મોકલવામાં આવે છે અને તેનાં પરિણામો મૂલ્યાંકન માટે વીમા કંપનીને મોકલવામાં આવે છે. પ્રયોગશાળા ખાતે આ નમૂના(ઓ) પર કરવામાં આવતાં પરીક્ષણો અંગે ઇગ્ઝામવન વ્યાવસાયિકો વાકેફ હોતા નથી અને પરીક્ષણોનાં પરિણામો પણ તેમને મોકલવામાં આવતાં નથી.

**અરજદાર માટેની સૂચનાઓઃ**

ચોક્કસ માહિતી મેળવી શકાય તે માટે, તમને ભલામણ કરવામાં આવે છે કેઃ

- વર્તમાન દવાઓનાં નામ અને ડોઝ જણાવો
- છેલ્લાં 5 વર્ષોમાં મુલાકાત લીધી હોય તેવા કોઈ પણ ડૉક્ટરો અથવા ક્લિનિક્સ(દવાખાનાંઓ)નાં નામ, સરનામાં અને ફોન નંબરો ઉપલબ્ધ રાખો.
- તબીબી સ્થિતિઓ અથવા નિદાનોની યાદી તૈયાર રાખો, જેમાં નિદાન થયાની તારીખ, સારવાર, સારવારનું પરિણામ અને સારવાર કરનાર ફિઝિશિયનની માહિતી સામેલ હોય.
- તપાસના સમયે તમારા ઓળખચિત્ર સાથે તૈયાર રહો.
- તમને મોકલવામાં આવ્યા હોય તેવા કોઈ પણ અરજદારે કરવાનાં કાગળો પરીક્ષક માટે ઉપલબ્ધ અને તૈયાર રાખો, સિવાય કે તમારા એજન્ટે એમ ન કરવા જણાવ્યું હોય.
- કોઈ નમૂનો આપવા સાથે સંકળાયેલી સમસ્યાઓનો ઇતિહાસ પૂરો પાડો.
- તપાસના 12 કલાક અગાઉ સખત વ્યાયામ કરવો ટાળો.
- તપાસના 24 કલાક અગાઉ નમક અને ઉચ્ચ-કલેસ્ટરોલયુક્ત ખોરાક મર્યાદિત માત્રામાં લો.
- નિયત મુલાકાતના કમ સે કમ 12 કલાક પહેલાંથી માદક પીણાં પીવાથી દૂર રહો.
- નિયત મુલાકાતના 1 કલાક અગાઉથી કૅફિન અને નિકોટિન મર્યાદિત કરો.
- નિયત મુલાકાતના 1 કલાક અગાઉ એક પ્યાલો પાણી પીઓ.

જો અન્ય કોઈ સેવાઓ કરવામાં આવે છે, તો કૃપયા ઇગ્ઝામવન ક્વૉલિટી અશુઅરન્સને તત્કાળ 1-800-873-8845 પર જાણ કરો, ઍક્સ્ટેન્શન 1303. कनाडा: 1-800-952-2350

---

મુલાકાત સુનિશ્ચિત કરવામાં આવી છે તેની વિગતોઃ

તારીખઃ____________________ સ્થળઃ____________________

સમયઃ____________________ ઇગ્ઝામવન ટેલિફોન નંબરઃ____________________